www.prepp.in

Prepp
Your Personal Exams Guide



C-AVZ-O-HVKC

# GUJARATI

( COMPULSORY )

| Time allowed : **Three Hours** | Maximum Marks : **300** |
|---|---|

## Question Paper Specific Instructions

***Please read each of the following instructions carefully before attempting questions :***

*All questions are to be attempted.*

*The number of marks carried by a question / part is indicated against it.*

*Answers must be written in* ***GUJARATI (Gujarati script)*** *unless otherwise directed in the question.*

*Word limit in questions, wherever specified, should be adhered to and if answered in much longer or shorter than the prescribed length, marks may be deducted.*

*Any page or portion of the page left blank in the Question-cum-Answer Booklet must be clearly struck off.*

---

**Q1.** નીચેનામાંથી કોઈ એક વિશે 600 શબ્દોમાં નિબંધ લખો. *100*

(a) યુવાનોમાં વધતી અસહિષ્ણુતા

(b) અસફળતા વિકાસનું પ્રથમ પગથિયું

(c) શું વાંચવાની ટેવ સમાપ્ત થઈ છે ?

(d) સમાજમાં અંધવિશ્વાસ પ્રત્યે સંઘર્ષ

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

**Q2.** નીચેનો ગદ્યખંડ ધ્યાનપૂર્વક વાંચી તેને અંતે આપેલા પ્રશ્નોના સ્પષ્ટ અને સાચા ઉત્તર તમારી ભાષામાં આપો. *12×5=60*

અહેવાલો જણાવે છે કે 80 ટકા લોકો જે ભારત બહારની કોલેજોમાંથી આવે છે તેઓ રોજગાર મેળવવા માટે યોગ્ય નથી. યુવાનોના સંપર્કમાં રહેનારાઓમાંનો હું આ ટકાવારી સાથે સહમત નથી. યુવાનો સાથેના સંપર્કને આધારે હું એટલું કહી શકું કે એમાં 90 ટકા એટલા માટે બેરોજગાર છે કારણકે તેઓ અનિશ્ચિત અને બેજવાબદાર છે. યુવાનો કેટલીક ભૂલોની શરૂઆત ખોટા વર્તનથી ભરેલા આત્મવિશ્વાસ સાથે કરે છે. તેઓ ખૂબ પૈસા કંઈ પણ કર્યા વિના કમાય છે. એવું પણ નથી કે તેઓ બેરોજગાર છે, મોટા ભાગના સારું અંગ્રેજી બોલે છે અને આત્મવિશ્વાસથી ભરેલા છે. તેઓ નવામાં નવા રિંગ-ટોન્સ, ચલચિત્રો અને જોક્સ જાણે છે પરંતુ એનાથી આગળ જો કોઈ એને પૂછે તો શૂન્ય નજરે મને જોયા કરે છે. તેઓ ખૂબ પૈસા કમાવા ઈચ્છે છે, એના માટે મીડિયા અને નિયમિત પ્રકાશિત થતાં વેતન-સર્વેને ધન્યવાદ, પણ એની પાસે એ સજ્જતા નથી હોતી કે એના ઉપયોગથી પૈસા કમાવામાં મદદ થાય. એમની ડિગ્રીનો આદર કરીને : સ્નાતકકક્ષાના વિષયો પર કેટલાંક પ્રશ્નો પૂછો, એમાંના મોટાભાગના બેબાકળા બની જાય છે. અને વધારાનું વાંચન પણ નથી કરતા, કોઈ નિષ્કર્ષ પર પણ નથી આવી શકતા. પણ અહીં કેટલાંક અન્ય પ્રશ્નો પણ છે. સદાચાર અને વ્યવહાર વિશે પ્રશ્ન, તમારામાં શું સારું છે, તમે વધારાનો સમય કેવી રીતે પસાર કરો છો, એ સમયે આ વિદ્યાર્થીઓનો સમૂહ મને એવો સંશયગ્રસ્ત દેખાય છે — 'મારે આ પ્રશ્નનો શું જવાબ આપવો જોઈએ ?' એમને એ કહેવું યોગ્ય નથી કે આ એમની પોતાની જીંદગી છે અને એ વિશે એમણે જ મને જણાવવું જોઈએ, કારણ તેઓ હંમેશા તૈયાર જવાબ આપવા સજ્જ હોય છે, એવું કહેવા જે એને સહાયક બને અને એનાથી મુક્ત કરે. તેઓ કહે છે — 'જો હું આ અભ્યાસ પર્યાપ્ત માત્રામાં કરું તો એવું ચોક્કસ સિદ્ધ કરીશ' આ રીતે યુવાનો રાતોરાત દિશાહીન વાચક, ગિટારવાદક, કુસ્તીબાજ અને એક્ટર પણ બની જાય છે. કોઈ પણ પ્રકારની

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

જાગૃતિ અને પરિપક્વતાના અભાવવાળા આ યુવાનોની વાત પર કોઈ વિશ્વાસ કરે એનું મને આશ્ચર્ય છે.

ભારતની પ્રગતિ સાથે એવું દેખાય છે કે આપણે વિચારહીન પેઢી ઉત્પન્ન કરી છે જેનું એક માત્ર ધ્યેય કશું જ કર્યા વિના વિલાસપૂર્ણ જીવન જીવવાનું છે. એવું લાગે છે કે આપણે એવી પેઢી તૈયાર કરી રહ્યાં છીએ જે દષ્ટિહીન, વચનબદ્ધ ન હોય તેવી અથવા નીતિમત્તાના અભાવવાળી છે. હવે પસંદગી કરવાની કહીએ તો મોટાભાગના યુવાનો પોતાની જાતને બચાવવાનું પસંદ કરે છે. એવું કહેવાય છે જયારે આપણે યુવાન હોઈએ છીએ ત્યારે આપણામાં કેટલાંક આદર્શ હોય છે કદાચ આપણો આદર્શ સામાન્ય પણ હોય પરંતુ કશુંક કરવા આપણે પ્રતિબદ્ધ હોઈએ છીએ. આજે યુવાનો પાસે કોઈ પણ પ્રયોજન સિદ્ધ કરવાનો ભાવાવેશ નથી. આ પેઢીના કોઈ પણ પૂર્વાભ્યાસના અભાવથી ભરેલા ઉત્તર સાંભળીને મને લાગે છે એમનો નવો મંત્ર 'પૈસા' છે. એ સિવાયની અન્ય કોઈ વાત કોઈ એમને કહે તો તેમને એ મહત્ત્વપૂર્ણ નથી લાગતી. જૂની લાગે છે.

પ્રશ્ન :

(a) યુવાપેઢી રોજગાર મેળવવા માટે અયોગ્ય શા માટે છે ? *12*

(b) આજનો યુવાન લેખક પાસેથી શું અપેક્ષા રાખે છે ? *12*

(c) વર્તમાન યુવાપેઢીનું એકમાત્ર પ્રયોજન લેખક અનુસાર કયું છે ? *12*

(d) આજના યુવાનોમાં વિચારવા જેવો મંત્ર કયો છે ? *12*

(e) વર્તમાન યુવાપેઢીનો આદર્શવાદ પ્રત્યે કેવો અભિગમ છે ? *12*

Prepp
Your Personal Exams Guide

**Q3. નીચેના ગદ્યખંડનો એક તૃતીયાંશ ભાગમાં સંક્ષેપ કરો. શીર્ષક આપવાની જરૂર નથી.** **60**

રક્ષણક્ષેત્રોમાં વિદેશો ઉપર નિર્ભરતા ઓછી કરવી અને આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવી સમય અને આર્થિક બંને કારણોથી આજે આ એક વિકલ્પના બદલે આવશ્યકતા છે. સરકારે ભૂતકાળમાં આપણા સશસ્ત્ર બળોની આવશ્યકતાઓને પૂરી કરવા માટે શસ્ત્રનિર્માણ અને સાર્વજનિક ક્ષેત્રો રૂપે ઉત્પાદન ક્ષમતાઓની રચના કરી. જોકે, જુદા જુદા ઉપક્રમોના ઉત્પાદનની ક્ષમતાઓને વિકસિત કરવા માટે ભારતમાં પોતાના ક્ષેત્રનો વિસ્તાર કરવો જરૂરી છે. જુદી જુદી વસ્તુઓની રચનામાં વધારો કરવા માટે 'મેક ઈન ઈંડિયા' જેવી એક મહત્ત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. અન્ય વસ્તુઓની અપેક્ષાએ રક્ષણ માટેના સાધનોના ઘરેલુ ઉત્પાદનની વધારે જરૂર છે, કારણકે એનાથી માત્ર બહુમૂલ્ય વિદેશી નાણાની બચત નહીં થાય પરંતુ રાષ્ટ્રીય સુરક્ષાની ચિંતા પણ દૂર થઈ શકશે.

રક્ષણક્ષેત્રમાં સરકાર જ એક માત્ર ઉપભોક્તા છે. આથી 'મેક ઈન ઈંડિયા' આપણી ખરીદનીતિ દ્વારા સંચાલિત થશે. સરકારની ઘરેલુ રક્ષા ઉદ્યોગોને વધારવાની નીતિ, રક્ષા ખરીદનીતિમાં સારી રીતે સાકાર થાય છે. જ્યાં 'બાય ઈંડિયન' તથા 'બાય એન્ડ મેક ઈંડિયન' શ્રેણિઓનું બાય ગ્લોબલથી પહેલું સ્થાન હોય છે. આવનારા સમયમાં આવક દુર્લભથી પણ વધારે દુર્લભ થશે અને જરૂરી વ્યવસ્થાની રચના અને વિકાસ માટે સર્વપ્રથમ તક ભારતીય ઉદ્યોગોને મળશે. પછી ભલે ભારતીય કંપનીઓની વર્તમાન વેપાર-ઉદ્યોગ સંદર્ભે પર્યાપ્ત ક્ષમતા ન હોય, અને વિદેશી કંપનીઓ સાથે સંયુક્ત ઉદ્યોગ, વેપાર ધંધા આપલેની વ્યવસ્થા અને ગઠબંધન માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

હમણાં સુધી રક્ષણક્ષેત્રમાં ઘરેલુ ઉદ્યોગના પ્રવેશ માટે લાઈસન્સ અને વિદેશી નિવેશ પ્રતિબંધ માટે ઘણી મુશ્કેલીઓ હતી. રક્ષણનિર્માણ ક્ષેત્રમાં વેપારની પ્રક્રિયા સરળ બનાવવા માટે ઘણાં નિયમો સરળ બનાવવામાં આવ્યા છે. સૌથી મહત્ત્વપૂર્ણ રક્ષણવિસ્તારમાં પ્રત્યક્ષ વિદેશી નાણાં વધારવા માટે એફડીઆઈનીતિ સરળ બનાવવામાં આવી છે. લાઈસન્સનીતિ પણ ઉદાર બનાવવામાં આવી છે અને હવે સાધનસામગ્રી, કાચો માલ, પરીક્ષણના સાધનો, ઉત્પાદનના મશીનો વગેરેને લાઈસન્સમાંથી મુક્ત રાખવામાં આવ્યા છે. જે કંપનીઓ આ પ્રકારની વસ્તુઓનું ઉત્પાદન કરવા ઈચ્છે છે એમને લાઈસન્સ લેવાની જરૂર નથી.

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

રક્ષાક્ષેત્રમાં ઘરેલુ અને વિદેશી વેપારીઓ માટે એક મોટી તક ઉપલબ્ધ છે. એક તરફ જયાં સરકાર કર, લાઈસન્સ, એફડીઆઈ સહિત વેચાણ અને ખરીદી માટેની નીતિમાં જરૂરી પરીવર્તન કરી રહી છે. ત્યારે ઉદ્યોગોએ પણ જરૂરી વેપાર ઉદ્યોગનો સ્વીકાર કરવા માટે પહેલ કરવી જરૂરી છે. રક્ષા એક એવું ક્ષેત્ર છે જે નવા આચારથી સંચાલિત થાય છે અને જેમાં ખૂબ જ વેપાર ઉદ્યોગની જરૂર છે. અન્ય ઉદ્યોગોને પણ અસ્થાઈ લાભના બદલે લાંબા સમયગાળા માટે વિચારવાની માનસિકતા કેળવવી પડશે. આપણે અનુસંધાન વિકાસ તથા નવીનતમ નિર્માણક્ષમતાઓ પર વધારે ધ્યાન આપવું પડશે. સરકાર ઘરેલુ ઉદ્યોગ માટે એક એવી પરિસ્થિતિની પ્રણાલી વિકસિત કરવા કટીબદ્ધ છે જેનાથી તે સાર્વજનિક અને સ્વયં બંને ક્ષેત્રમાં સમાન સ્તરે વ્યાવસાયિક ઉન્નતિ કરી શકે. (380 શબ્દ)

**Q4.** **નીચેના ગદ્યખંડનો અંગ્રેજીમાં અનુવાદ કરો.** ***20***

અરબસ્તાનનો વધારે ભાગ રણપ્રદેશ છે. અહીં ચારે બાજુ રેતી અને ખડકો છે. રેતી એટલી ગરમ હોય છે કે દિવસે તમે ઉઘાડા પગે ચાલી શકતા નથી. રણપ્રદેશમાં દૂર દૂર પાણીના ઝરા છે એ એટલા ઊંડા છે કે સૂર્ય પણ તેમને ખોળી ન શકે. આ ઝરા બહુ જ ઓછા છે પરંતુ જયાં કોઈ એક હોય ત્યાં બહુ જ ઊંચા ઝાડ ઊગે છે. અને ખૂબ સુંદર દેખાય છે. એ ઝાડ ઝરાની ચારેબાજુ છાંયડો ફેલાવે છે આવી જગ્યાઓને ઓએસીસ કહે છે. જે આરબો શહેરમાં રહેતા નથી તે આખું વર્ષ રણમાંજ રહે છે. તેઓ તંબુમાં રહે છે જે સરળતાથી બનાવી અને ખોલી શકાય છે. તેઓ એક રણપ્રદેશથી બીજા રણપ્રદેશ તરફ એમની બકરીઓ, ઊંટ અને ઘોડા માટે ભરણપોષણ માટેનો પ્રબંધ કરવા જાય છે.

આ આરબો પાસે દુનિયાના સર્વોત્તમ ઘોડા છે. અરબવાસી એના ઘોડાના ખોરાકની વ્યવસ્થા કરવામાં ગૌરવ અનુભવે છે. અને ઘોડાને પોતાની પત્ની અને બાળકો કરતા પણ વધારે ચાહે છે. ઊંટ એને સુંદર ઘોડા કરતા પણ વધારે ઉપયોગી છે. બહુ જ વિશાળ અને શક્તિશાળી પણ છે. એક ઊંટ લગભગ બે ઘોડાથી વધારે સામાન લઈ જઈ શકે છે. આરબલોકો એમના ઊંટ પર ખૂબ સામાન મૂકે છે અને રણમાં માઈલોના માઈલો સવારી પણ કરે છે. સાચે એ 'રણપ્રદેશનું વહાણ' છે. એને એ રીતે જ બોલાવવામાં આવે છે.

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

**Q5.** નીચેના અંગ્રેજી ગદ્યખંડનો ગુજરાતીમાં અનુવાદ કરો. **20**

Language and communication are something that children learn by talking to one another. But schools consider this an act of indiscipline. Instead, we have a special grammar class to learn language ! One educationist remarked, 'It is nice that children spend just a few hours at school. If they spend all 24 hours in schools, they will turn out to be dumb !' In most schools, teachers talk, children listen. The same is true for other skills also. Children learn a great deal without being taught, by tinkering and pottering on their own.

Changes in the school system, if they are to be of lasting significance, must spring from the actions of teachers in their classrooms, teachers who are able to help children collectively. New programmes, new materials and even basic changes in organisational structure will not necessarily bring about healthy growth. A dynamic and vital atmosphere can develop when teachers are given the freedom and support to innovate. One must depend ultimately upon the initiative and respectfulness of such teachers and this cannot be promoted by prescribing continuously and in detail what is to be done.

In education we can cry too much about money. Sure, we could use more, but some of the best classrooms and schools I have seen or heard of, spend far less per pupil than the average in our schools today. We often don't spend well what money we have. We waste large sums on fancy buildings, unproductive administrative staff, on diagnostic and remedial specialists, on expensive equipment that is either not needed, or underused or badly misused, on tons of identical and dull textbooks, readers and workbooks, and now on latest devices like computers. For much less than what we do spend, we could make our classrooms into far better learning environments than most of them are today.

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

**Q6. (a)** નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપી, વાક્યમાં પ્રયોજો. *2×5=10*

(i) કાશીએ સંઘ પહોંચવો *2*

(ii) લીલાંપીળાં દેખાઈ જવા *2*

(iii) બકરી બેં થઈ જવું *2*

(iv) ધકેલપંચા દોઢસો કરવું *2*

(v) ટાઢા પાણીએ ખસ જવી *2*

**(b)** શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. *1×5=5*

(i) સહન ન કરી શકાય તેવું *1*

(ii) જન્મ અને મરણમાંથી છૂટકારો *1*

(iii) શબને ઓઢાડવાનું લૂગડું *1*

(iv) તિથિ નક્કી કર્યા વગર આવનાર *1*

(v) જરાવારમાં નાશ પામે તેવું *1*

**(c)** નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો આપો. *1×5=5*

(i) પ્રત્યક્ષ *1*

(ii) વિગ્રહ *1*

(iii) અમૃત *1*

(iv) તિમિર *1*

(v) આદર *1*

**(d)** નીચેના શબ્દોની જોડણી સુધારો. *1×5=5*

(i) વાકૂચુકુ *1*

(ii) દુરબિન *1*

(iii) પ્રતીધ્વની *1*

(iv) યુનીર્વસિટિ *1*

(v) મ્યુનીસીપાલિટી *1*



Your Personal Exam Guide

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

(e) **નીચેના શબ્દોના સમાનાર્થી/પર્યાયવાચી શબ્દો આપો.** *1×5=5*

(i) ઘોડો *1*

(ii) જંગલ *1*

(iii) ગધેડો *1*

(iv) બહેનપણી *1*

(v) દીવો *1*

(f) **નીચેની કહેવતોનો અર્થ આપો.** *2×5=10*

(i) એક ઘા ને બે કટકા *2*

(ii) ઘેર ઘેર માટીના ચૂલા *2*

(iii) ચોરનો ભાઈ ઘંટી ચોર *2*

(iv) દયા ડાકણને ખાય *2*

(v) શેઠની શિખામણ ઝાંપા સુધી *2*